# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-09-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અખિલ ભારતીય રાજભાષા સંમેલન

**ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવતીકાલથી બે દિવસ પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલન યોજાશે. કેન્દ્ર ગૃહ મંત્રી અમિત શાહ આ સંમેલનને ખુલ્લું મુકશે. સંમેલનનો ઉદ્દેશ હિન્દી અને અન્ય ભારતીય ભાષાઓ વચ્ચે સમરસતા અને સમન્વય વધારવાનો છે. જેમાં બે દિવસના વિવિધ સત્રો દરમ્યાન કેન્દ્ર સરકારના અલગ અલગ વિભાગોના 6,000 થી વધુ અધિકારીઓ ભાગ લેશે**

**-----------------------------------------------------------------------------------------**

## કચ્છ : ટોલનાકા

**સોમવાર મધરાત સુધી સુરજબારી, સામખીયાળી, મોખા અને માખેલ ટોલ નાકા પર વ્યવસાયિક માલવાહક વાહનો પાસેથી ટોલ ન ઉઘરાવવાનો નિર્ણય કરાયો છે. બિસ્માર માર્ગોને લઈ કચ્છ ટ્રાન્સપોર્ટ એસોસિએશનના વિવિધ મંડળો દ્વારા માર્ગ સુધારણાની માંગ સાથે 'નો રોડ નો ટોલ' હડતાળ યોજાઈ હતી. જીલ્લા કલેકટર આનંદ પટેલ, પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર અને નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓએ ટ્રાન્સપોર્ટરો સાથે આજે સવારે બેઠક યોજી હતી. અને આગામી બે દિવસની અંદર તમામ જર્જરિત રોડ પર પડેલા ખાડા પૂરી દઈને પેચવર્ક કરવાની ખાતરી આપવામાં આવી છે. ત્યાં સુધી રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં આવતા કચ્છના ચાર ટોલનાકા પર આ વાહનો ટોલ ફ્રી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નિર્ણયને પગલે હડતાળ પરત ખેંચી લેવાઈ છે અને પરીવહન શરૂ કરી દેવામાં આવ્યું છે.**

**-----------------------------------------------------------------------------------------**

## ચાલુ વર્ષે વરસાદ

**ચાલુ વર્ષે સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વરસાદ કચ્છમાં નોંધાયો છે. જિલ્લામાં આ વર્ષે સિઝનનો કુલ સરેરાશ વરસાદ 135.95 ટકા નોંધાયો છે.**

**ગત 7 અને 8 સપ્ટેમ્બરે સમગ્ર કચ્છમાં સાર્વત્રિક વરસાદ પડ્યો હતો, જેના કારણે જિલ્લામાં આવેલી 20 મધ્યમ સિંચાઈ યોજનાઓમાંથી 13 ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. આ ડેમોમાં પાણી ભરાવવાથી આસપાસના વિસ્તારોમાં ખેતી માટે પૂરતું પાણી ઉપલબ્ધ થશે અને ભૂગર્ભ જળ રિચાર્જ થશે. આ ઉપરાંત, 147 નાની સિંચાઈ યોજનાઓમાંથી 103 ડેમ પણ ઓવરફ્લો થયા છે.**

**----------------------------------------------------------------------------------------**

## IAS સ્ટડી સેન્ટર

**રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા શરુ કરવામાં આવેલી નવી પહેલ અંતર્ગત 10 નવા IAS સ્ટડી સેન્ટર ઉભા કરાયા છે જેમાં કચ્છ યુનિવર્સિટીનો પણ સમાવેશ કરાયો છે. જેમાં યુપીએસસી અને જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિનામૂલ્ય કોચિંગ આપવામાં આવશે. સેન્ટર ખાતે 100 સીટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રસ ધરાવતા ઉમેદવારોએ 15 સપ્ટેમ્બર સુધી ઓનલાઇન gtuadm.samarth.edu.in પર ઓનલાઈન ફોર્મ ભરી આ માટેની પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે.**

**આ અંગે યુનિવર્સિટીના કુલપતિ ડો.મોહન પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થીઓ રાષ્ટ્ર ઘડતરમાં યોગ્ય નેતૃત્વ પૂરું પાડે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા આ અભિગમ અપનાવવામાં આવ્યો છે. કચ્છના મહત્તમ વિદ્યાર્થીઓ આ ક્લાસીસનો લાભ મેળવે તેવી અપીલ તેમણે કરી છે.**

**----------------------------------------------------------------------------------------**

## શુદ્ધ ઘીમાં ભેળસેળ

રાજ્યમાં વિવિધ સ્થળોએ દરોડા પાડી શુદ્ધ ઘીમાં ભેળસેળ કરી બનાવટી ઘી બનાવવાનો કાચો માલ સહિત કુલ એક કરોડ કરતાં વધુનો માલ જપ્ત કરાયો હોવાનું ખોરાક અને ઔષધ નિયમન કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું હતું. તંત્રને ભેળસેળયુક્ત ઘીની તપાસ કરતા તેનો છેડો ગાંધીધામ ખાતેથી મળ્યો હતો. જેમાં કુલ ૧ કરોડ ૪૦ લાખનો માલ જપ્ત કરાયો છે. ડૉ.કોશિયાએ વધુમાં કહ્યું હતું કે, ગાંધીધામ અને ધ્રોલ ખાતેથી ચાર-ચાર મળી કૂલ આઠ નમુના ચકાસણીમાં માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ નગરપાલિકા

સાડા પાંચ કરોડના ખર્ચે બનેલા ભુજ નગરપાલિકાના નવનિર્મિત સંકુલનું આગામી 28 સપ્ટેમ્બરે લોકાર્પણ કરવામાં આવશે. નવા સંકુલમાં 30,000 સ્ક્વેર ફૂટનું બાંધકામ કરવામાં આવ્યું છે. જેમાં ફાયર સેફ્ટી સિસ્ટમ, વોટર પ્રૂફિંગ અને 30 અલગ-અલગ ચેમ્બર્સ સાથેની અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી બે કચેરીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, વિશાળ પાર્કિંગ, સીસીટીવી કેમેરા તેમજ દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો માટે લિફ્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## માતાના મઢ માટે વધારાની બસો

નવરાત્રિને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે માતાનામઢ ખાતે જતા દર્શનાર્થીઓને વિશેષ બસ સેવા મળી રહે તે માટે ભુજ એસ.ટી વિભાગ દ્વારા 165 બસોની વ્યવસ્થા કરવામાં આવેલી છે. મુસાફરોને સરળતાથી વ્યવસ્થા મળી રહે તે માટે માતાના મઢ ખાતે વૈકલ્પિક બસ સ્ટેશન અને પાર્કિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે તો ભુજ ડેપો ખાતે પણ એક અલાયદું પ્લેટફોર્મ ફાળવવામાં આવશે.

જીલ્લા મથક ભુજ ઉપરાંત નખત્રાણા, માંડવી, નલિયા સહિતના તાલુકા મથકો ખાતેથી પણ માતાના મઢ જવા આવવા માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી રહી છે તેમ ભુજ એસટીના વિભાગીય નિયામકની અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન

ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ માટે અમલી રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં કુલ 7535 જેટલા સખી મંડળ, 374 ગ્રામ સંગઠન તેમજ 38 ક્લસ્ટર લેવલ ફેડરેશનની રચના કરાઇ છે.

આ અંગે મળેલી વિગતો મુજબ, 3785 જેટલા સખી મંડળને અત્યાર સુધી 567 લાખ રૂપિયાનું રીવોલ્વીંગ ફંડ તેમજ 1639 જેટલા સખી મંડળને 1761 લાખ રૂપિયાનું કમ્યુનિટી ઇન્વેસ્ટમેન્ટ ફંડ આપવામાં આવ્યું છે. યોજના સાથે જોડાયેલી મહિલાઓને વિનામૂલ્યે તાલીમ બાદ બેંક મારફતે કેશ ક્રેડીટ લોન આપવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------

## માંડવી નગરપાલિકાના પૂર્વ પ્રમુખનું નિધન

માંડવી નગર પાલિકાના પૂર્વ પ્રમુખ અરવિંદ ભાઈ ગોહિલનું ગઇકાલે 75 વર્ષની વયે અવસાન થયું. તેઓ 2013 થી 2015 દરમ્યાન માંડવી નગર પાલિકાના પ્રમુખ રહ્યા હતા. બંદરીય શહેરના વિકાસમાં તેમણે મહત્વનું પ્રદાન કર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય લોક અદાલત

જીલ્લાની તમામ અદાલતો સાથે ફેમીલી કોર્ટમાં આજે રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું હતું. જેમાં સમાધાન લાયક વિવિધ પડતર કેસો મુકવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------